

# વિશ્વ એંટીમાયકરોબિયલ જાગૃતતા અઠવાડિયુ

## ૧૮ -૨૪ નવેમ્બર, ૨૦૨૧





એંટીબાયોટિક્સનો ઉપયોગ રોગો થતાં અટકાવવા, ઈલાજ માટે અને વૃદ્ધિ ઉતેજક તરીકે પશુ અને પોલ્ટ્રી પાલનમાં કરવામાં આવે છે. આ એંટીબાયોટિક્સ દવાઓનો ઉપયોગ મનુષ્યમાં થતાં રોગોના ઈલાજ માટે પણ થાય છે.

એંટીબાયોટિક્સનો જરૂર પૂરતો અને યોગ્ય ઉપયોગ કરવાથી મનુષ્ય, પ્રાણી, ખેતી અને પર્યાવરણને થતાં નુકશાનથી બચાવી શકાય છે. આ દવાઓના બિન જરૂરી ઉપયોગ કરવાથી મનુષ્યમાં રોગોના ઈલાજ માટે અસરકારક રહેતી નથી જેને **એંટીબાયોટિક્સ સામે પ્રતિકાર ( એંટિમાઇક્રોબિયલ રજીસ્ટંટ ) ઉત્પન્ન થયો તેમ કહેવામાં આવે છે.** જેને લીધે મનુષ્યના મૃત્યુ, દવાઓના ખર્ચ અને દર્દીનો ઈલાજ લાંબો ચાલવાથી દવાખાનાઓમાં રોકાણ વધે છે. આમ થવાથી આપણાં દેશના અર્થકારણને બહુ વિપરિત અસર થાય છે. જો હાલમાં ઉપલબ્ધ એંટીબાયોટિક્સનો ઉપયોગ બહુ વિચારી અને નિષ્ણાંતની સલાહ અનુસાર કરવામાં આવે તો આ જોખમ સામે લડી શકાય તેમ છે.

## એંટીબાયોટિક્સ પર લગામ એંટીબાયોટિક્સ પ્રતિકાર પર લગામ

ONE HEALTH POULTRY HUB

AAU

# એંટિબાયોટિક્સના ઉપયોગ બાબતે જાગૃતતા કેળવો



એંટીમાયક્રોબિયલ પ્રતિકાર એ બહુજ જટિલ પ્રકારનો આખા વિશ્વને મુંજવતો પ્રશ્ન છે આ માટે જાગૃતતા લાવવા વિશ્વ એંટિબાયોટિક્સ જાગૃતતા અઠવાડિયાની ઉજવણી તારીખ ૧૮ થી ૨૪ નવેમ્બર દરમિયાન કરવામાં આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ સમસ્યાને માનવ આરોગ્યને જોખમમાં મૂકનાર પ્રથમ દશ જોખમોની યાદીમાં સંમાવેશ કરેલ છે જે આ બાબત કેટલી અગત્યની છે તે તરફ આંગળી ચીંધે છે. આપણા દેશમાં પણ રાષ્ટ્રીય કાર્ય યોજના (નેશનલ એક્શન પ્લાન) અમલમાં મૂકવામાં આવેલ છે અને તેમાં કરવામાં આવેલ દિશા નિર્દેશ અનુશાર કામ દેશમાં થઈ રહ્યું છે.

જો બધાજ એંટીબાયોટિક્સ ઉત્પાદનથી લઇ છેલ્લે દવા વાપરનાર આ પ્રશ્ન સમજી અને જરૂર હોય ત્યારે, સાવધાની અને સભાનતાપૂર્વક એંટીબાયોટિક્સનો ઉપયોગ કરીશું તો આ સમસ્યા સામે લડવામાં સફળતા મળશે.



## એંટીબાયોટિક્સના ઉપયોગમાં સાવધાની રાખો